ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# જિલ્લામાં આજથી બારકોડેડ રેશન કાર્ડનું વિતરણ હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ વિતરણની કામગીરીનો આજથી આરંભ થશે. ગાંધીનગર તાલુકાના સોનીપુર ખાતેથી આ કામગીરીનો આરંભ થઈ રહ્યો છે.

હવે ગ્રામ્ય વિસ્તારોમાં જઈ દુકાને બેસી અને કાર્ડ હોલ્ડરના અંગૂઠા તેમજ આંગળાની છાપો અને ફોટોગ્રાફ્સ લઈ આ કાર્ડનું વિતરણ કરવા માટેની ઝૂંબેશ હાથ ધરવામાં આવનાર છે. પ્રથમ તબક્કામાં જિલ્લાનાં ૨૦ જેટલાં ગામોને આવરી લેવાનું આયોજન હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે રાજ્યના નાગરિક પૂરવઠા વિભાગે સપ્ટેમ્બર સુધીમાં તમામ લોકોને બારકોડેડ રેશનકાર્ડ આપી દેવા માટેની સૂચનાઓ જારી કરી છે. જિલ્લા તંત્ર દ્વારા આ વિતરણ માટેનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વિતરણની કામગીરીમાં તલાટીઓ અને તંત્ર વચ્ચે મડાગાંઠ ઊભી થઈ હતી, પરંતુ તેનો ઉકેલ આવી જતાં હવે આ વિતરણ કામગીરીનો આરંભ થઈ રહ્યો છે. જિલ્લામાં હવે આ બારકોડેડ રેશનકાર્ડ વિતરણ અંગેનો કાર્યક્રમ એકાદ સપ્તાહમાં આખરી કરી દેવાશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.



સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરવાનો એક કાર્યક્રમ રવિવારે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજવામાં આવ્યો હતો. (તસવીર : દિપક જાની)

# ૨૦મી જુલાઈ સુધી છેલ્લા પાંચ વર્ષનો સૌથી ઓછો વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા. ૨૨

વરસાદ ખેંચાતા સૌ ચિંતામાં મુકાઈ ગયા છે. વાદળો બંધાય છે પરંતુ વરસતા નથી. આંકડાઓ પર નજર કરીએ તો છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન સૌથી કપરી સ્થિતિનો સામનો હાલ ગાંધીનગર કરી રહ્યું છે. આ વર્ષે ૨૦મી જુલાઈ સુધી માત્ર ૧૪૦ મી.મી. વરસાદ નોંધાયો છે.

ચોમાસાની સીઝન હોય તેવુ લાગતુ જ નથી. ચોમાસાની કોઈ ગતિવિધિ હાલમાં નોંધાતી નથી. આકાશમાં વાદળોની અવરજવર છે પરંતુ વરસાદ પડતો નથી. ગરમી ખુબ પડે છે અને વરસાદ ન હોવાથી ખેડૂતો ચિંતામાં છે. વરસાદી વાદળોએ આ વર્ષે રૂસણુ લીધુ છે તેવું લાગી રહ્યું છે. આંકડાઓ પણ આ જ દર્શાવી રહ્યા છે. જુલાઈ માસ દરમ્યાન શહેરમાં ઘણો સારો વરસાદ પડે છે. પરંતુ આ વર્ષે જુલાઈ માસ લગભગ કોરો જ પસાર થયો છે.

આંકડાઓ પર નજર કરીએ તો ૨૦૦૮ના વર્ષમાં ૨૦મી જુલાઈ સુધી ૧૪૪ મી.મી. વરસાદ નોંધાયો હતો. જે ખુબ ઓછો હતો. તે પછી ૨૦૦૯ના વર્ષમાં ૨૪૮ મી.મી., ૨૦૧૦માં ૧૬૫ મી.મી., ૨૦૧૧માં ૨૨૯ મી.મી. અને ૨૦૧૨માં ૨૦મી જુલાઈ સુધી ૧૪૦ મી.મી. વરસાદ નોંધાયો છે. જે છેલ્લા પાંચ વર્ષમાં સૌથી ઓછો છે. ગયા વર્ષે વરસાદ ઓછો હતો તેવી બુમો સંભળાઈ હતી પરંતુ ગુજરાતમાં જુલાઈ-ઓગષ્ટમાં સારો વરસાદ પડ્યો હતો.

૨૦૦૯માં પણ ગાંધીનગરમાં સારો વરસાદ નોંધાયો હતો. આ વર્ષે વરસાદ ખુબ ખેંચાયો છે. ઉનાળાના દિવસો જાણે લંબાયા હોય તેવુ લાગી રહ્યું છે. વસાહતીઓ શક્ય એટલા પ્રયાસો કરી મેઘરાજાને રીઝવવાનો પ્રયાસ કરી રહ્યા છે. મેહુલો ધોધમાર વરસે તે માટે ઠેર ઠેર પ્રાર્થનાઓ થઈ રહી છે.

## ગાંધીનગર જિલ્લામાં વાઈલ્ડ લાઈફ ક્રાઈમ સેલની રચાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં પ્રાણીઓનો શિકાર અને તેના અંગોની હેરાફેરી કરતી ગેંગને પકડવા તેમજ આવા બનાવો અટકે તે માટે આગોતરા પગલાં ભરવા માટે વાઈલ્ડ લાઈફ ક્રાઈમ સેલની રચના કરવામાં આવી છે. જેના અધ્યક્ષપદે જિલ્લા પોલીસ વડા રહેશે. જ્યારે મેમ્બર સેક્રેટરી તરીકે જિલ્લા વન અધિકારી રહેશે. તેમજ પોલીસ ઈન્સ્પેકટરોને રેન્જ ફોરેસ્ટ ઓફીસરોને મેમ્બર તરીકે આ સેલમાં રાખવામાં આવ્યા છે. આ સેલની દર મહિનાના ત્રીજા શુક્રવારે બેઠક મળશે અને મહિના દરમ્યાન થયેલી કામગીરીની સમીક્ષા પણ કરવામાં આવશે. આ સેલ છેલ્લા દસ વર્ષમાં બનેલા વાઈલ્ડ લાઈફ ક્રાઈમની પણ તપાસ કરશે.

રાજ્યના જંગલ વિસ્તારો અને ગામોમાં પ્રાણીઓના સરેઆમ થઈ રહેલા શિકાર અને તેના અંગોની હેરાફેરીના બનાવો સતત વધી રહ્યા છે ત્યારે પોલીસ અને વન વિભાગે ગંભીર પગલાં ભરવા માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ માટે સીઆઈડી ક્રાઈમના આઈજીપીની

● અનુસંધાન સાતમા પાને

# સે. ૨૧માં ખોરાકી ઝેરની ઘટનામાં શ્રમજીવી મહિલાનું મોત

## શનિવારે રાત્રે ઠંડું પીણું પીવાથી સાત શ્રમજીવીઓને ખોરાકી ઝેરની અસર થઈ હતી જે પૈકી છને સામાન્ય સારવાર બાદ રજા અપાઈ હતી જ્યારે સુશીલાબેન પટેલનું મોત નિપજ્યું હતું

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૧માં ગઈરાત્રે ઠંડુ પીણુ પીવાને કારણે સાત શ્રમજીવીઓને ખોરાકી ઝેરની અસર થઈ હતી. જેમને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જેમાંથી એક ૨૮ વર્ષિય મહિલાની સ્થિતિ વધુ નાજુક હોવાને કારણે તેણીને દાખલ કરીને સારવાર આપવામાં આવતી હતી. તે દરમિયાન આજે સવારના સયે આ મહિલાનું શંકાસ્પદ રીતે મોત નીપજ્યું છે. મોતનું કારણ શોધવા માટે પોલીસે ગુન્હો નોંધી પેનલ ડોક્ટર દ્વારા મહિલાના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું છે. ગાંધીનગર શહેરના સેક્ટર-૨૧માં ચાલી રહેલી બાંધકામ સાઈટ પર કામ કરતા શ્રમજીવી પરિવારે ગઈકાલે રાત્રે એક ખાનગી કંપનીનું ઠંડુ પીણુ પીધા બાદ ખોરાકી ઝેરની અસર થઈ હતી. પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે, ગાંધીનગરના સે. ૨૧ના એક પાન પાર્લરમાંથી ઠંડુપીણું લાવીને પીધું હતું. આંતરરાષ્ટ્રીય બ્રાન્ડની આ સોફ્ટડ્રીંક્સ પીધા બાદ તરત જ આ સાતેયને ખોરાકી ઝેરની અસરને પગલે ઝાડા-ઉલ્ટી થવા લાગી હતી. ત્યાર બાદ તાત્કાલિક આ શ્રમજીવીઓને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સાત વ્યક્તિઓમાંથી છ વ્યક્તિઓને ઓપીડી સારવાર આપતા તબીયતમાં સુધારા થવાને કારણે આ છ દર્દીઓને રજા આપી દેવામાં આવી હતી. જ્યારે ૨૮ વર્ષિય મહિલા શુશીલાબેન રમેશભાઈ પટેલની તબીયત વધુ નાજકુ હોવાને કારણે તેણીને મહિલા મેડીકલ વોર્ડમાં દાખલ કરીને સારવાર આપવામાં આવી રહી હતી.

તે દરમિયાન આજે સવારે સુશીલાબેનનું શંકાસ્પદ મોત નિપજ્યું હતું. આ બનાવને પગલે સે. ૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે આ અંગે મહિલના મૃતદેહને પેનલ ડોક્ટર દ્વારા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. બીજીબાજુ જે દુકાનમાંથી આ પરીવારે ઠંડુ પીણું ખરીદ્યું હતું તે દુકાનમાંથી આ કંપનીનું પીણું જપ્ત કરીને પોલીસે એફએસએલને મોકલી આપ્યું છે. જો કે, પેનલ તબીબના રીપોર્ટ અને એફએસએલના રીપોર્ટ બાદ આ મહિલાના મોત પાછળનું સચોટ કારણ બહાર આવશે પરંતુ હાલમાં ઠંડુ પીણું પીધા બાદ મહિલાના થયેલ શંકાસ્પદ મોતથી સમગ્ર ગાંધીનગરમાં ચકચાર મચી છે.

## ખૂણે ખાંચરેથી

● ગાંધીનગર મહાનગર પાલિકાના કોંગ્રેસ પક્ષના કાઉન્સીલરો આબુના પ્રવાસે જઈ પરત ફર્યા છે. ● ગાંધીનગર નાગરિક બેંકના ડિરેક્ટર વિક્રમભાઈ પટેલને પગે ફેક્ચર થતાં હાઈટેકમાં દાખલ કરાયા છે. ● ઉચ્ચ શિક્ષણ કમિશનર શ્રીમતિ જયંતિ રવિ વાલ્મીકી રામાયણમાં 'પાદુકા' વિષયને લઈ મોરારીબાપુના સાનિધ્યમાં ચાલતી વ્યાખ્યાન માળામાં ચાવીરૂપ પ્રવચન આપવા ગયા છે. ● શિવરંજની દ્વારા સાહિત્ય અંતર્ગત 'લોકસાહિત્યના મર્મી... લોકલાડીલા મેઘાણી...' વિષય પર ૨૮મી જુલાઈના રોજ એક જાહેર વ્યાખ્યાનનું આયોજન કરાયું છે. આ વિષય પર સરકારના મહેસુલ વિભાગના અધિક સચિવ વી.એસ. ગઢવી પ્રવચન આપનાર છે. ● આજથી ગાંધીનગર જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સદસ્યોનો ત્રિદિવસીય તાલીમ વર્ગ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે આરંભાઈ રહ્યો છે. ● ગાંધીનગરના જાણીતા એડવોકેટ શ્રી અશોક પટેલ આ સપ્તાહની મધ્યમામાં કૈલાસ માનસરોવરની જાત્રાએ જઈ રહ્યા છે. ● મધુર ડેરીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણીમાં ૨૪ ઉમેદવારો મેદાનમાં.

# પ્રિ-પેડ કાર્ડથી ગાંધીનગરાઓ મહિને ત્રણ કરોડનો ટોકટાઈમ વાપરે છે

## આઈડીયા, એરટેલ અને વોડાફોનના પ્રિ-પેડ કાર્ડ ખુબ વેચાય છે : યુવાનોમાં પ્રિ-પેડ કાર્ડ ફેવરીટ

ગાંધીનગર, તા. ૨૨

મોબાઈલ ફોનની સુવિધાઓ વાપરવામાં ગાંધીનગરાઓ અવ્વલ છે. તમને જાણીને આશ્ચર્ય થશે કે માત્ર એક જ માસમાં ગાંધીનગરાઓ ત્રણ થી સવા ત્રણ કરોડના ટોકટાઈમવાળા પ્રિ-પેડ કાર્ડ કરીદે છે અને વાતચીત કરે છે.

મોબાઈલ ફોનની ક્રાંતિએ કમ્યુનિકેશનને એક નવી જ વ્યાખ્યા આપી છે. મોબાઈલ ફોનને લગતી સેવાઓ આપતી કંપનીઓ વચ્ચે તીવ્ર સ્પર્ધા જામે છે અને તેનો ફાયદો ગ્રાહકોને મળે છે. પ્રિ-પેડ અને પોસ્ટ પેડ જેવી સુવિધાઓનો ઉપયોગ ખુબ થાય છે. જરરીયાત હોય તેટલો જ ટોકટાઈમ ખરીદી આપતી પ્રિ-પેડની સેવાઓની ખુબ માંગ છે. પ્રિ-પેડ કાર્ડના રીટેલરોને ત્યાં ગ્રોહકોની ભીડ જામે છે. ખાસ



કરીને યુવાનોમાં પ્રિ-પેડ કાર્ડ ખરીદવાનું ખુબ ચલણ છે. ખાસ કરીને ઈન્ફોસિટી વિસ્તારમાં રહેતા યુવાનો અને અહીંની કન્સ્ટ્રક્શન સાઈટમાં કામ કરતા યુવાનો પ્રિ-પેડ કાર્ડનો ખુબ ઉપયોગ કરે છે. બીજા રાજ્યોમાં વાતચીત કરવા માટે આ કાર્ડ સુવિધાયુક્ત છે. વળી પ્રિ-પેડ કાર્ડના ફાયદા એ છે કે તેનું કોઈ બીલ આવતુ નથી. જેટલી વાત કરવી હોય તેટલું રીચાર્જ કરાવો. વળી કંપનીઓ માત્ર ૨૦ કે ૫૦ રૂ.નો રીચાર્જ પણ કરી આપતી હોવાથી યુવાનોમાં આ કાર્ડ હોટફેવરીટ છે. ગાંધીનગરમાં માત્ર એક જ માસ દરમ્યાન ત્રણ થી સવા ત્રણ કરોડના પ્રિ-પેડ કાર્ડ અને તેનો ટોકટાઈમ ખરીદવામાં આવે છે. સૌથી વધુ રીચાર્જ વોડાફોન પ્રિ-પેડ કાર્ડના થાય છે. એક માસમાં ૮૦ થી ૯૦ લાખના રીચાર્જ થાય છે. તે પછીના ક્રમે એરટેલ અને આઈડીયા કંપની આવે છે. તે બંને ૮૦ થી ૮૫ લાખનો ધંધો પ્રિ-પેડ કાર્ડની સુવિધાઓ પાછળ કરે છે. હવે દરેક ઘરમાં ત્રણ થી ચાર જેટલા મોબાઈલ હોય છે. મોબાઈલમાં માત્ર એક જ નંબર પોસ્ટ-પેઈડ કાર્ડનો રાખી અન્ય નંબર પ્રિ-પેડના રખાય છે. વળી હવે તો એક જ મોબાઈલમાં ડબલ સીમ, ટ્રપીલ સીમની સુવિધા ઉપલબ્ધ હોવાથી પ્રિ-પેડ કાર્ડનું ચલણ વધ્યું છે.

# ગાંધીનગરમાં સેલની સિઝન જામી

## રક્ષાબંધન- ઈદ જેવા મોટા તહેવારો નજીક હોઈ તેની ભીડનો લાભ લેવા ઠેર ઠેર સેલ લાગ્યા

## રેડીમેડ વસ્ત્રો, સાડીઓ- ડ્રેસ મટીરીયલ્સ અને ઘરવખરીની ચીજવસ્તુઓના સેલ લાગ્યા



ગાંધીનગર, તા. ૨૨

શ્રાવણ મહિનાના પ્રારંભ સાથે જ તહેવારોની સીઝન પણ શરૂ થઈ ચૂકી છે. મોટા તહેવારો નજીક હોઈ સેલની સીઝન જામી છે. વસ્ત્રોની મોટી શોપ્સમાં ૫૦ થી લઈને ૭૦ ટકા સુધીનું ડિસ્કાઉન્ટ ઓફર કરી ગ્રાહકોને આકર્ષવામાં આવી રહ્યા છે.

બજારોમાં ઠેરઠેર સેલના પાટીયા ઝુલી રહ્યા છે. ચોમાસાની સીઝન પુર બહારમાં જામી છે. જૂન-જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં દુકાનદારો સેલ યોજી મોટાભાગનો માલ વેચી નાંખતા હોય છે. દિવાળી પહેલાં નવો માલ ભરવાનો હોવાથી વેપારીઓ સેલ, સ્ટોક કલીયરન્સ અને ડિસ્કાઉન્ટના નામે મોટાભાગનો જૂનો માલ વેંચી નાંખે છે. વળી, આ સિઝનમાં ઘરાકી ખૂબ વધુ હોય છે. નવરાત્રી ઉપરાંત રક્ષાબંધન અને ઈદ જેવા મોટા તહેવારો નજીક હોવાથી તેની ખરીદી વિશેષ થયા છે. મહિલાઓ સેલના પાટીયાં જોઈ વધુ આકર્ષાય છે. શહેર સેક્ટર-૨૧, સે.-૨૪ અને સે.-૭ જેવા બજારોમાં જાઓ તો ક્યાંકને ક્યાંક સેલ તો ચાલુ જ હશે. રક્ષાબંધનના તહેવારોમાં સાડીઓની ખરીડી વધુ થાય છે. આથી સાડીના સેલ વિશેષ છે. એવી જ રીતે રેડીમેડ ગાર્મેન્ટની ડિમાન્ડ વધુ રહે છે. યુવક-યુવતિઓ ઉપરાંત બાળકોના રેડીમેડ વસ્ત્રોના સેલ યોજાય છે.

બ્રાન્ડેડ કંપીનીના સ્ટોર સેલના બદલે મોટુ ડિસ્કાઉન્ટ અને બાય વન ગૅટ વન ફ્રી જેવા લોભામણી સ્કીમો દ્વારા ગ્રાહકોને આકર્ષી રહ્યા છે. સાડી-રેડીમેડ વસ્ત્રો ઉપરાંત હાલમાં ઘરવખરીની ચીજ વસ્તુઓના સેલમાં ખૂબ જ મોટી ભીડ જામે છે. સસ્તી ચાઈનીઝ વસ્તુઓથી લઈને પ્રોડક્ટ એક જ છત નીચે મળી રહે તેવા સેલમાં ગૃહિણીઓની ભીડ જામે છે. લગ્નોની ઓફ સીઝનમાં ખાલી રહેલા વિવિધ સમાજના હોલ આવા ઘરવખરીના સેલ માટે ભાડે અપાય છે. અમદાવાદ- સુરતના વેપારીઓ તેમાં સીઝનલ સેલ યોજી સારી એવી કમાણી કરી લે છે.

# રાયસણમાં બગીચા નિર્માણની ડીઝાઈનમાં ફેરફાર કરાશે

## પમ્પીંગ સ્ટેશનને કારણે બગીચાનો વિસ્તાર ઘટશે

ગાંધીનગર, તા. ૨૦

રાયસણમાં નવીન ઉદ્યાન નિર્માણ કરવાની કાર્યયોજના વિલંબમાં પડી છે. પાણીના પમ્પીંગ સ્ટેશનના લીધે ગુડાએ બગીચાનો વિસ્તાર ઘટાડી આ મામલે રીવાઈઝ એસ્ટીમેટ તૈયાર કરવાની ફરજ પડી છે.

ગુડા દ્વારા ટી.પી. વિસ્તારમાં ગ્રીનસીટીના કન્સેપ્ટને વેગ આપવા બગીચા નિર્માણનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાયસણમાં રમણીય બગીચો બનાવવા માટે ગુડા દ્વારા નિષ્ણાંત આર્કીટેક્ટ દ્વારા ડીઝાઈન તૈયાર કરવામાં આવી હતી. પરંતુ ઉદ્યાન નિર્માણની કાર્યયોજના અમલી બને તે પહેલા જ તેમાં રૂકાવટ આવી છે. અલબત્ત આ વિસ્તારમાં પાણી વ્યવસ્થાને અનુલક્ષી પમ્પીંગ સ્ટેશન માટે જગ્યા નિયત કરાઈ હોવાથી બગીચાનો વિસ્તાર પણ ઘટાડી દેવાતાં નિર્ણય લેવાયો છે. ગુડાના સૂત્રોમાંથી પ્રાપ્ય થતી માહિતી અનુસાર આ વિસ્તારમાં ૧૩૧ મીટરની જગ્યામાં બગીચો બનાવવા આયોજન કરાયું હતું જ્યારે પમ્પીંગ સ્ટેશનને લઈ હવે ૫૦ મીટરની જગ્યા કપાતા ઉદ્યાનનો વ્યાપ પણ ઘટી જશે જેને લઈ રૂ. ૨ કરોડના ખર્ચે બનનારા આ ઉદ્યાન પાછળ થનારા ખર્ચમાં પણ ઘટાડો થશે. બગીચાની કાર્યયોજનાને ધ્યાને લઈ ગુડાએ નવીન ડીઝાઈન તેમજ ડીઝાઈન એસ્ટીમેટ તૈયાર કરવાની ફરડ પડી છે.



સૅક્ટર-૨૩ના સ્વામિનારાયણ મંદિર ખાતે અનાજના હિંડોળાએ ભારે આકર્ષણ જમાવ્યું હતું.

# આરોગ્ય વિભાગમાં ૯૪૧૨ કર્મચારીઓની જગ્યાઓ ખાલી

ગાંધીનગર, તા.૨૨

ગુજરાતના ૨૬ જિલ્લાઓમાં ૩૦૦ સામુહિક આરોગ્ય કેન્દ્રો, ૧૧૫૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ૭૨૭૪ પેટા આરોગ્ય કેન્દ્રો વર્ગ-૧થી લઈને વર્ગ-૪ સુધીના કર્મચારીઓની ૯૪૧૨ જગ્યાઓ ખાલી છે. તેમ રાજ્યના આરોગ્ય મંત્રીએ પોરબંદરના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાના પ્રશ્નના લેખિત જવાબમાં જણાવ્યુંહતું. આરોગ્ય મંત્રીએ પ્રશ્નના લેખિત જવાબમાં વધુમાં જણાવ્યું હતું કે રાજ્યના ૨૬ જિલ્લાઓમાં ૩૦૦ સામુહિક આરોગ્ય કેન્દ્રો, ૧૧૫૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૭૨૭૪ પેટા આરોગ્ય કેન્દ્રોમાં વર્ગ-૧માં ૩૫૩, વર્ગ-૨માં ૧૯૭૯, વર્ગ-૩માં ૧૬૨૮૫ તથા વર્ગ-૪માં ૮૦૫૦નું મહેકમ મંજુર થયેલુ છે. જેમાં વર્ગ-૧ની ૬૪ જગ્યાઓ ભરી દીધી છે એમાં ૨૮૯ જગ્યા ખાલી છે. ૪૫૫ જગ્યા ખાલી છે, વર્ગ-૩માં ૧૧૯૬૬ જગ્યા ભરેલી છે, ૪૩૧૯ જગ્યા ખાલી છે અને વર્ગ-૪માં ૩૭૦૧ જગ્યા ભરેલી છે, ૪૩૪૯ જગ્યા ખાલી છે આમા કુલ મળીને ૯૪૧૨ જગ્યાઓ હજુ ખાલી છે. તેમણે લેખિત જવાબમાં વધુમાં કહ્યું હતું કે, સામુહિક આરોગ્ય કેન્દ્રની તબીબી અધિકારી વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ ભરવા માટે દર અઠવાડિયે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેલી ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી પ્રક્રિયામાં છે. તેમજ ડ્રાઈવર વર્ગ-૩ તથા વર્ગ-૪ની ખાલી જગ્યાઓની કામગીરી આઉટસોર્સથી લેવામાં આવે છે.

## બેસણું



મારા પુત્ર દેવકુમાર (ચિન્ટુ)નું તા. ૨૦/૭/૨૦૧૨ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું આજે તા. ૨૩/૭/૨૦૧૨ ને સોમવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ કલાક સુધી અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

સાધુ સમાજના રીતરિવાજ મુજબ સંખ્યાઢાળનો પાટ રાત્રે રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૪૬૬/૧, સેક્ટર-૫ એ, ગાંધીનગર

લિ. જિતેન્દ્ર એમ. રાઠોડ
(ના. સે. અધિકારી, મા. અને પ્ર. વિભાગ)
શ્રીમતી મંજુલાબેન જે. રાઠોડ




ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

TMT BARS - ISI
TATA STEEL • PIPES • SHEETS
ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com